## ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ , ગાંધીનગર

**વધારાની પ્રોવીઝનલ મેરીટયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણી અંગેની અગત્યની જાહેરાત**

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, ધ્વારા નીચે દર્શાવ્યા મુજબના સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા જાન્યુઆરી- ફેબ્રુઆરી- ૨૦૧૭ માસમાં લેવાયેલ હતી. આ સ્પર્ધાત્મક પરીક્ષાની વધારાની પ્રોવીઝનલ મેરીટયાદી તા ૨૨-૧૨-૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની નકલ સરકારશ્રીના પંચાયત વિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે .આ વધારાની પ્રોવીઝનલ મેરીટલીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોને નીચે મુજબની વિગતે અસલ પ્રમાણપત્ર ચકાસણી માટે બોર્ડની કચેરીએ અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.આ વધારાની પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ દરેક ઉમેદવારોને નીચે દર્શાવ્યા મુજબની તારીખ સમયે/નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સહિત(લાગુ પડતા હોય તે)(અસલ પ્રમાણપત્રો સહિત(ચકાસણી માટે બોર્ડની કચેરીએ અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે સમયે કોઇ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સબંધિત ઉમેદવારે તેની ઉમેદવારી કાયમીપણે પાછી ખેચી લીધી હોવાનું ગણાશે અને ત્યારપછી તે બાબતમાં કોઇપણ દાવો અથવા વિવાદ ગ્રાહય રાખવામાં આવશે નહી.તેની સર્વે ઉમેદવારોએ ખાસ નોધ લેવી વધુ માહિતી માટે પંચાયત વિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in જોવી.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | પ્રમાણપત્ર ચકાસણીની તારીખ અને સમય | વધારાની પ્રોવીઝનલયાદી મુજબ ઉમેદવારોનાં ક્રમાંક |
|---|---|---|---|
| ૫/૨૦૧૬-૧૭ | વિસ્તરણ અધિકારી(સહકાર) | ૨૯-૧૨-૨૦૧૭ સવારે ૧૦-૩૦ કલાકે | ક્રમાંક ૧ થી ૯ |
| ૯/૨૦૧૬-૧૭ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૨૯-૧૨-૨૦૧૭ સવારે ૧૧-૩૦ કલાકે | ૧ થી ૨૧ |
| ૧૨/૨૦૧૬-૧૭ | નાયબ ચીટનીશ | ૨૯-૧૨-૨૦૧૭ બપોરે ૧૩-૩૦ કલાકે | ૧ થી ૫ |

**ઉમેદવારે રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ + ૨ પ્રમાણિત નકલો)**

(૧) શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૨) જાહેરાતમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો તથા અન્ય લાયકાત /અનુભવ અંગેના પ્રમાણપત્રો

(૩) જાતિ અંગેનું સક્ષમ સતાધિકારીશ્રી ધ્વારા ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તો)

(૪) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર

(૫) શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં સિવિલ સર્જનનું નિયત પ્રમાણપત્ર

(૬) માજી સૈનિક કેટેગરી ધરાવતા ઉમેદવારોના કીસ્સામાં માજી સૈનિક હોવા અંગેના આધાર પુરાવા તથા પ્રમાણપત્ર

(૭) વિધવા ઉમેદવારોના કિસ્સામાં વિધવા હોવા અંગેના પ્રમાણપત્રો તથા પુનઃ લગ્ન કરેલ નથી તે અંગેનું સબંધિત મામલતદારશ્રીનું પ્રમાણપત્ર

(૮) કોમ્પ્યુટર અંગેના બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગે પ્રમાણપત્રો

(૯) તાજેતરના પાસપોર્ટ સાઇઝના બે ફોટા

(૧૦) રમતગમતના ઉમેદવારોના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબના નિયત નમુનાના જરુરી પ્રમાણપત્ર

**પ્રમાણપત્ર ચકાસણી માટે હાજર રહેવાનું સ્થળઃ -**

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ.બ્લોક નં.૨, સી વીંગ પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.

હેલ્પલાઇન નંબરઃ- ૨૩૨૫૮૫૩૪

સ્થળઃ- ગાંધીનગર

તારીખઃ-૨૨-૧૨-૨૦૧૭

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગાંધીનગર

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ